# શહીદોને શત્ શત્ નમન, કરો આતંકીઓને ખતમ

## દેશ માંગે છે બલિદાનનો બદલો : આતંકીઓને તેમની ભાષામાં જ જવાબ આપો : નગરજનોનો એક જ પ્રતિભાવ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ..!!

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સીઆરપીએફના જવાનોના કાફલા પર ભીષણ આતંકી હુમલાની ઘટના ઘટી છે. વિસ્ફોટક ભરેલી ગાડી સાથે ત્રાસવાદીઓ પહોંચ્યા બાદ બ્લાસ્ટ કરાયો હતો. જેમાં દેશના ૩૭ જવાનો શહિદ થયા છે. દેશને હચમચાવી નાખનાર ઘટનાથી સમગ્ર દેશ શોકમાં ડુબી ગયો છે અને આ કૃત્યને અંજામ આપનાર આતંકીઓ અને તેના આકાઓ સામે ભારે ફીટકાર વ્યક્ત કર્યો છે. દેશભરમાં શહિદ જવાનો માટે અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે અને ગાંધીનગર સહિત દેશના નાગરિકો જવાનોના બલિદાન અને સહાદતનો બદલો માંગી રહ્યા છે. ગાંધીનગરના નાગરિકોએ પણ આ શહિદો માટે પોતાનુ દુઃખ વ્યક્ત કરી પોતાનો અભિપ્રાય આપ્યો હતો.



પુલવામાં થયેલા આતંકી હુમલામાં શહિદ થયેલા જવાનો પર રાજનીતિ ન કરવી જોઈએ, આવી ઘટના પર ટીકા ટીપ્પણી ન કરવી જોઈએ અને શક્ય હોય તેટલી શહિદના પરિવારને દેશવાસીઓએ સહાય આપવી જોઈએ અને ગુનેગારોને જડબાતોડ જવાબ આપશો ત્યારે જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

**- દિપલ પરમાર, ગાંધીનગર**

●●●



કાશ્મીરના પુલવામાંમા થયેલા હુમલાથી દેશ મોટા આઘાતમાં છે. સુતેલા સિંહનું પુંછડુ ઉંદર વારંવાર ખેંચે તો એક ક્ષણ એવી આવી જાય કે ન ઈચ્છાએ સિંહે સહનશીલતાનો ત્યાગ કરીને ઉંદરનો શિકાર કરવો પડે છે. ભારત સરકારે પણ સિંહની જેમ ઉંદરને તેની ઔકાત બતાવવી જોઈએ તે જરૂરી છે.

**- દિનેશભાઈ વ્યાસ**

●●●



હવે પાકિસ્તાનને ઈંટનો જવાબ પથ્થરથી નહી પણ પથ્થરોનો વરસાદરૂપી આપવાની જરૂર છે અને સર્જીકલ સ્ટ્રાઈક હવે આખા પાકિસ્તાન ઉપર કરવાની તાતી જરૂરીયાત છે. રાજનીતિ બંધ કરી દુશ્મનને ભેગા મળી જવાબ આપવો જોઈએ.

**- સાગર દેસાઈ, ગાંધીનગર**

●●●



આ હુમલાના જવાબરૂપી સરકારે આકરામાં આકરા પગલા લેવા જોઈએ. શહિદ જવાનોની શહાદત વ્યર્થ ન જાય તે માટે દેશવાસીઓએ એક થઈ આ સમસ્યાનો સામનો કરી આતંકીઓને જડબાતોડ જવાબ આપવો જોઈએ.

**- ઝરના મિસ્ત્રી, ગાંધીનગર**

●●●



જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલામાં આપણા જવાનો શહિદ થયા તે હૃદયને હચમચાવી નાખનાર ઘટના છે. આ ઘટનામાં જવાબદાર આતંકીઓને કોઈપણ સંજોગોમાં બક્ષવા ન જોઈએ. સરકારે અને સેનાએ ઘટનાને અંજામ આપનાર આતંકીઓને તેમની જ ભાષામાં પાઠ ભણાવવો જોઈએ.

**- ડો. વિપુલ ઠક્કર ગાંધીનગર**

●●●



પુલવામામાં થયેલા આતંકી હુમલો એ આતંકવાદીઓની કાયરતાની નિશાની છે. જે આપણા બહાદુર સૈનિકો સામે સામી છાતીએ લડી શકતા નથી તેથી આવુ નીચલી કક્ષાનું કૃત્ય કરે છે. સરકાર આ ઘટનાનો જવાબ આપે તે જ દેશવાસીઓ ઈચ્છે છે.

**- જવલિત મહેતા**

●●●

પાકિસ્તાન સામે સરકારે આકરા પગલા ભરી હવે પાકિસ્તાન પર પુરેપુરો કબ્જો મેળવી લેવો જોઈએ અને માત્ર હવે એક જ વાર યુદ્ધ કરી જીંદગીભરની શાંતિ લાવી દેવી જોઈએ. સરકારે ત્યારે જ શહિદોને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

**- નિશિલ બ્રહ્મભટ્ટ, ગાંધીનગર**

●●●

સરકારે જવાનો અને સેનાને ખુલ્લો દોર આપવો જોઈએ. સરકારે સેનાના હાથ બાંધવા ન જોઈએ અને આવુ કૃત્ય કરનારને તેના ઘરમાં ઘુસી તેને મોતને ઘાટ ઉતારી દેવા જોઈએ.

**- વિશાલ વાઘેલા, ગાંધીનગર**

●●●



સરકારે ખોખલા નિવેદન બંધ કરી સખત પગલા લેવાની જરૂર છે. સેનાને છૂટો દોર આપી આતંકીઓનો સફાયો કરવાની તાતી જરૂરિયાત છે. માનવ અધિકારીના હિમાયતીઓને અવગણીને પણ આતંકીઓને જડબેસલાક પાઠ ભણાવવો જોઈએ.

**- પ્રો. હરિત પટેલ, ગાંધીનગર**

●●●



વારંવાર થતા આતંકી હુમલામાં સંખ્યાબંધ જવાનો શહિદ થાય છે ત્યારે સરકાર મૌન રહીને ચૂપ ન બેસવી જોઈએ. સરકારે તુરંત પાકિસ્તાન સાથેના સંબંધો તોડી નાખવા જોઈએ અને હવે સમય પાકી ગયો છે. રાહ જોવાની જરૂર નથી. ઈંટકા જવાબ પથ્થરથી આપવાની.

**- આર.એસ. પટેલ**

●●●



સરકારે આ હુમલાની સામે કડક અને આકરા પગલા લેવાની જરૂર છે. પાકિસ્તાન સાથેના તમામ સંબંધો તોડી નાખી જરૂરી સમયે યુદ્ધ પણ કરવુ જોઈએ.

**- ગોવિંદભાઈ પ્રજાપતિ**

●●●



કાશ્મીરના પુલવામામાં થયેલ ઘટના ખુબજ ચિંતાજનક છે. વારંવાર થતા હુમલાની ઘટના મામલે સરકારે નક્કર પગલા લેવા જોઈએ. સરકાર આતંકી હુમલાઓને રાજકીય રંગ આપવાનું બંધ કરી આરોપી આતંકીઓની સામે કઠોર કાર્યવાહી કરે તેવો શૂર ઉઠી રહ્યા છે.

**- અંકિત બારોટ**

●●●



કાશ્મીરમાં થયેલો આતંકી હુમલો દેશને હચમચાવી નાખનાર છે. સરકારે આતંકીઓને સખત ભાષામાં જવાબ આપવાનો સમય થઈ ગયો છે.

**- અરવિંદ સોલંકી**

●●●



પુલવામામાં થયેલા આતંકી હુમલાની ચર્ચા બંધ કરી સખત કાર્યવાહીની જરૂરી છે. ખરેખર શહિદોના આપેલા બલિદાનની સાચી કદર કરવી હોય તો હવે સરકારે વાયદાઓ કરવા કરતા એવુ કરી બતાવવુ જોઈએ કે નવી જન્મનાર પેઢી પુછે કે પાકિસ્તાન ક્યા હતુ.

**- અલવીના મેકવાન, - ગાંધીનગર**

●●●



પુલવામામાં થયેલા હુમલાથી આખા દેશમાં બદલાતી ભાવના પ્રબળ છે. પ્રધાનમંત્રીએ સેનાને કાર્યવાહી કરવા સૂચન કર્યુ છે. હવે આતંકીના મૂળ સુધી પહોંચી તેનો જડબાતોડ જવાબ આપવાનો સમય થઈ ગયો છે.

**- વિપુલભાઈ પંડ્યા, ગાંધીનગર**

●●●



ફિદાયીની હુમલામાં દેશની સુરક્ષા કાજે માર્યા ગયેલા શહીદોને શ્રદ્ધાંજલિ સાથે સ્વાર્થી રાજકારણીઓને ફીટકાર, આતંકવાદીઓને મદદ મળે તેવી કુણી લાગણીથી ચેકપોસ્ટો હટાવીને નબળી કડીનો લાભ લઈને આતંકીઓ હુમલો કરવામાં સફળ રહ્યાં જેની કિંમત વીર જવાનોએ ચુકવવી પડી છે. દેશના વીર શહીદ જવાનોને સલામ...

**- કિરીટ પારધી, સેક્ટર-૭-ડી**

●●●



આતંકવાદી હુમલો એ માનવ સંસ્કૃતિ સામેનું યુધ્ધ છે, તમામ શહીદ પરિવારોને શ્રધ્ધાંજલિ આપવા સાથે અમે એવી શ્રધ્ધા ધરાવીએ છીએ કે આ પ્રકારના નિંદનીય કૃત્ય પાછળ કામ કરતી તમામ વિકૃતિઓને જડમૂળમાંથી નેસ્ત નાબૂદ કરવાની શકિત આપણામાં કેળવાય અને ચેતનાના સંચાર દ્વારા સલામતીની લાગણી પુનઃ પ્રસ્થાપિત થાય.

**- અનુપ પરીખ**
**સ્થાપક, વિશેષ એજ્યુકેશન સેન્ટર**

●●●



આ આતંકવાદી હુમલાથી એક બાબત પર ગહન વિચાર કરવાની જરૂર છે કે જો દેશના મંત્રીઓને અપાય છે તે રીતે જવાનોને સુરક્ષા પુરી પડાઈ હોત તો ખરેખર આ ઘટના સર્જાઈ હોત? ઉરી પછીના આ હુમલાને કોઈ પાર્ટીના એકશનની નહી પરંતુ સમગ્ર ભારતે એક થઈને રીએકશન આપવાની જરુર છે, અમને ભારત સરકાર પર ભરોસો છે કે યોગ્ય જવાબ આપીને જ રહેશે, જવાનોની શહીદી બેકાર નહીં જાય.

**- પ્રો. દિશા પોપટ**
**ચૌધરી કોમર્સ કોલેજ**

●●●



હવે ખરા અર્થમાં રાજધર્મ નિભાવવાનો સમય આવી ગયો છે, હવે રેલીઓ કરીને નારાઓ લગાવવાને બદલે આતંકવાદીઓને ત્યાં રેલા રેલાવવાનો સમય આવી ગયો છે, બોલ્યા વગર દુશ્મનોની બોલતી બંધ કરવાનો સમય છે, તેમણે ક્રુરતા આચરી છે તો આપણે શા માટે દયા રાખવી? દુશ્મનોનો ખાત્મો બોલાવી દો, ભારતના શહીદ વીર જવાનોને ભાવભીની શ્રધ્ધાંજલિ.

**- કાશ્મિરા પુરોહિત, ગૃહિણી**

●●●



આતંકવાદી હુમલાએ દેશના સ્વાભિમાન અને સહનશકિત પર પ્રશ્ન ઉભો કર્યો છે, ભારતને નબળો દેશ તરીકે ચીતરવા પ્રયાસ કર્યો છે. દેશવાસીઓએ પોતાના વીર જવાનો ગુમાવ્યા છે, એક તરફ આંખમાં આંસુ છે તો બીજી તરફ ગુસ્સો આ હુમલાનો એવો જવાબ આપવો જોઈએ કે ફરી કયારેય કોઈ આતંકવાદી કે તેમનું સંગઠન ફરી આવી ભૂલ કરે નહી અને ફરી કયારેય બોલીવુડમાં ઉરી જેવી ફિલ્મ બનાવવાની નોબત ના આવે.

**- મેશ્વા શાહ, વિદ્યાર્થીની બીએસસી, પીડીપીયુ**

●●●



પુલવામાં થયેલ આતંકવાદી હુમલો ખૂબ જ આઘાતજનક અને નિંદનીય છે શ્રેષ્ઠ ભાઈચારા અને શાંતિ માટેની દિવ્ય પ્રેરણા આપનાર ઈસ્લામ આવા કૃત્યને હંમેશા વખોડે છે, આ એક ખૂબ જ શરમજનક કૃત્ય છે.

**-મૌલાના દાઉદ કૌશર**
**પેશ ઈમામ, જુમ્મા મસ્જિદ,**
**સે-૨૧**

●●●


આતંક શબ્દ સાંભળતા જ ભળભલાને પરસેવો વળી જાય, જયારે પણ આવી કોઈ ઘટના બને છે ત્યારે એક ભારતીય તરીકે હૃદયકંપી ઉઠે છે. પુલવામામાં જે દુઃખદ આતંકી ઘટના બની તેને જગત આખાયે વખોડી પણ હવે શું? હવે સૈન્યને છુટો દૌર આપવો જોઈએ અને સૈન્ય



એ પણ પહેલા પોતાના ઘરના જાણભેદુઓને સબક શીખવાડી પછી પાકિસ્તાનને ઈંટનો જવાબ પત્થરથી આપવો જોઈએ. પ્રભુ શહીદ જવાનોના આત્માને ચીર શાંતિ અને તેમના પરિવારજનોને આ વસવી વેળાએ દુઃખ સહન કરવાની શકિત આપે.

**- ડો. બી.કે. નિર્મલ,**
**ડાયરેકટર**
**એનઆઈસીએમ-એસજેપીઆઈ એમબીએ કોલેજ**

●●●



આપને શત શત નમન, ધન્ય થઈ તે માટી, જયાં તમે જન્મ લીધો,
શીશ નમાવું તે માતાને,
જેમણે તમને જન્મ આપ્યો,
દેશ માટે ગોળી ખાઈને
હસ્તા હસ્તા પ્રાણ આપ્યાં,
આપને શત શત નમન.

**- શૈલી દવે**
**વિદ્યાર્થીની, બી.કોમ.,**
**પીડીપીયુ**

●●●



ફરી એકવાર ઘરનો ભેદી ફૂટયો
અને દેશના રકતરંજીત લલાટે લખાયો
વીર જવાનોની શહીદોનો શ્રૃંગાર,
પીઠ પાછળ મારે ના મળે,
સામી છાતીએ માંગવું પડે.
મરીને પણ મેળવવું જ છે,
માતૃભૂમિનું માન.

**- બિનીતા રાવલ**
**પૂર્વ વિદ્યાર્થીની, કેએસવી જર્નાલિઝમ વિભાગ**

●●●

'આપણી રક્ષા સુરક્ષાની દિવસ રાત ચિંતા કરતા, ટાઢ તડકો અને વરસાદને સતત સહન કરતા આપણા સૈનિક ભાઈઓની શહાદત આપણને વ્યથિત કરી જાય છે, શહીદોના પરિવારો આપણા જ છે અને એમના દુઃખ તથા શોકમાં આપણે સૌ સહભાગી છીએ. પાકિસ્તાનના સહયોગથી જે આતંકવાદીઓ આવા અધમકૃત્યો કરે છે તેમને અંતિમ પદાર્થ પાઠ શિખવાડવાનું કામ આપણી સરકાર કરશે જ પણ આપણે હરકદમ પર સરકારની સાથે રહીએ. તેમના નિર્ણયોને વધાવીએ અને દેશનું મસ્તક ઉન્નત થાય એવું બધું જ કરીએ.

**- હર્ષદભાઈ પ્ર. શાહ**
**ઉપાધ્યક્ષ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન**

●●●



પુલવામામાં થયેલી આતંકી ઘટના દેશને હચમચાવી નાખનાર છે. દેશ ભારે આઘાતમાં છે અને ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. ત્યારે હવે યુદ્ધ એ જ કલ્યાણનો સમય આવી ગયો છે. ટીકા ટિપ્પણી ન કરી પાકિસ્તાન અને આતંકીઓને સખત સબક શિખવાડવો જોઈએ.

**- અંબુસિંહ ગોલ**



આપણા માટે અત્યંત દુઃખદ અને દેશના સૈનિકો માટે ખૂબ નિરાશાજનક ઘટના છે, સમગ્ર રાષ્ટ્રની સંવેદના શહીદ જવાનોના પરિવાર સાથે છે, તેઓ હવે આપણી જવાબદારી છે. મારા મત મુજબ શહીદોના પરિવાર માટે સૌએ યોગદાન આપવું જોઈએ. જેમાં દેશના દરેક ધારાસભ્યો, સંસદસભ્યો, મંત્રીઓ વગેરેએ પોતાના એક માસનો પગાર આપી શરૂઆત કરવી જોઈએ. આ ઉપરાંત દરેક રાજકીય પક્ષોએ રાજકારણ ભૂલી ફરી આવી ઘટના ના બને તે માટે કાયમી ઉકેલ લાવવાની દિશામાં સાથે મળીને નિર્ણયાત્મક પગલાં ભરવા જોઈએ.

**- પ્રદિપસિંહ વાઘેલા**

# અંબાપુર પાસે કારનો કાચ તોડીને ગઠિયો વોકી-ટોકીના સેટ લઈ ગયો..!

### સ્વામિનારાયણ લગ્ન વાડીમાં ઓર્ડર કરવા આવેલા કેટરર્સની ગાડીને ગઠીયાએ નિશાન બનાવી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા અડાલજ-અંબાપુર રોડ ઉપર સ્થિત સ્વામિનારાયણ લગ્ન વાડી પાસે પાર્ક કરેલી એક ગાડીના કાચ તોડીને ગઠિયાઓએ અંદરથી વોકી-ટોકીના ૧૦ સેટ તથા કપડાં અને વાસણોની ચોરી કરી લીધી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. અમદાવાદના પાલડી વિસ્તારમાં કેટરર્સ આ લગ્ન વાડીએ પ્રસંગ નો ઓર્ડર કરવા માટે પોતાની કાર લઈને આવ્યો હતો ત્યારે બપોરના અરસામાં કોઈ ગઠિયાએ આ કારને નિશાન બનાવી અંદરથી ચોરી કરી લીધી હતી. આ મામલે કારમાલિક કેટરર્સની ફરિયાદને આધારે અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના અડાલજ પાસે અંબાપુર જતા રોડ પર પાર્ક કરેલી કારનો કાચ તોડીને અંદરથી ચોરી કરવામાં આવી હોવાની ઘટના ગી કાલે બની હતી. અમદાવાદના પાલડી ખાતે કેટરિંગનું કામ કરતાં સંજયભાઈ ઉત્તમભાઈ જૈન ગઈ કાલે અડાલજથી અંબાપુર જવાના રોડ પર આવેલા સ્વામીનારાયણ લગ્નવાડીમાં કેટરર્સનો ઓર્ડર કરવા આવ્યા હતા. સવારે ૧૧ વાગ્યાનાં અરસામાં વાડીના રસોડાના ગેટ પાસે કાર પાર્ક કરી સંજયભાઈ બપોરે ત્રણ વાગ્યે પરત ફર્યા હતા. તે સમયે ડ્રાઈવર સાઈડનો કારનો કાચ તુટેલો હતો અને અંદર પડેલાં ૨૦ હજારની કિંમતના ૧૦ નંગ વોકીટોકી સેટ, ૧૦ નંગ થાળી અને કપડાં ગાયબ હતા. આ અંગે તેમણે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતાં પોલીસે આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ગુરુજી... આ વેલેન્ટાઈન ડેમાં મારી ગર્લફ્રેન્ડને મેરેજ કરવાનું પ્રોમિસ આપ્યું છે, હવે મને એવું લાગે છે જેવું મહાગઠબંધન કરવાવાળાને લાગે છે...!!**

# ગુજરાતી-સંસ્કૃત ભાષા બોલવાનું વિદ્યાર્થીઓને ગૌરવ અને ગર્વ થવું જોઈએ : ભાગ્યેશ જહા

### સે-૨૩ સ્થિત કડી કેમ્પસની શેઠ સી.એમ. હાઈસ્કૂલના વાર્ષિકોત્સવમાં શિક્ષણ, સેવા, સંસ્કૃતિ અને સાહિત્યનો અનોખો સમન્વય

ગાંધીનગર, તા.૧૫

વિદ્યાર્થીઓને શાળાનું શિક્ષણ માતૃભાષામાં જ આપવું જોઈએ. કોઈ પણ વિદ્યાર્થીએ પોતાની જાતને કોઈનાથી પણ ઉતરતી માનવી ન જોઈએ. જીવનમાં કોઈનાથી પ્રભાવિત જરૂર થવાય પરંતુ અંજાવું જોઈએ નહિ. ગુજરાતી તેમજ સંસ્કૃત ભાષા બોલીને ગૌરવની લાગણી અનુભવવી જોઈએ નિવૃત્ત સનદી અધિકારી અને જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહાએ વિદ્યાર્થીઓને રમૂજી શૈલીમાં અભ્યાસના મહત્વની સાથે જીવનની મહ્ત્વની વાતો પણ સમજાવી હતી. તેમણે સંસ્કૃત અને મહેસાણાની તળપદી ભાષામાં વકતવ્ય આપી વિદ્યાર્થીઓ અને વાલીઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સે-૨૩ સ્થિત કડી કેમ્પસની શેઠ સી.એમ. વિદ્યાલયના વાર્ષિકોત્સવમાં ૧૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વૈવિધ્યસભર કૃતિઓ રજૂ કરી હતી.

કડી સર્વ વિદ્યાલય સંચાલિત શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ દ્વારા



શાળાનો ૪૦મો વાર્ષિકોત્સવ યોજાયો હતો. આ વાર્ષિકોત્સવની ઉજવણીમાં ૧૪૨ કલાકારોએ ભાગ લીધો હતો. આ દરમિયાન વિદ્યાર્થીઓએ અનેકવિધ રસપ્રદ કૃતિઓ રજુ કરી હતી. આ દરમિયાન ગુજરાતી, સંસ્કૃતિ અને વિવિધ તહેવારોને અનુલક્ષીને વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. ભારતીય મૂલ્યો ઉપરાંત વિદ્યાર્થીઓને શાળા તેમજ ઘરમાં બનતા પ્રસંગો, ધાર્મિક બાબતો, ટ્રાફિક નિયમનની જાગરૂકતા સ્વચ્છતા, જળ એજ જીવન તેમજ ૧૫૦મી ગાંધી જયંતિને ધ્યાનમાં લઈ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ થકી સમાજ ઉપયોગી સંદેશો પાઠવવાનો પણ પ્રયાસ કર્યો હતો. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે વિશિષ્ટ રંગોળી તૈયાર કરવામાં આવી હતી.

# વાંકાનેરડામાં જુગારનો અડ્ડો બનાવી દેવાયેલા મકાનમાં પોલીસનો દરોડો

ગાંધીનગર, તા.૧૫

ડભોડા નજીક આવેલા વાંકાનેરડા ગામમાં રાજુ ડોડીયાના મકાનમાં જુગારનો અડ્ડો શરૂ થઈ ગયો હોવાની બાતમી કોઈએ પોલીસ કંટ્રોલરૂમમાં આપતા ડભોડા પોલીસે આ મકાનમાં દરોડો પાડયો હતો. મકાનમાં જુગારનો અડ્ડો બનાવી દેવાયો હોવાની કંટ્રોલરૂમમાં આવેલી માહિતીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ચાર શકુનીઓને જુગાર રમતા રંગેહાથ પકડી તેમની પાસેથી ૪૦ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો હતો. સ્થાનિક પોલીસ મથકમાંથી આ જુગારના અડ્ડા માટે છૂપી મંજૂરી અપાઈ હોવાની પણ ચર્ચા ચાલી રહી છે. ડભોડા પોલીસે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર તાલુકાના ડભોડા પાસે આવેલા વાંકાનેરડા ગામે એક મકાનમાં જુગારધામ ચાલતું હતું અને ડોડીયા વાસમાં રહેતો રાજુ મનુજી ડોડીયા પોતાના મકાનમાં અડ્ડો ચલાવતો હોવાની જાણ કોઈએ ગાંધીનગર કંટ્રોલરૂમમાં કરી દીધી હતી. જેને પગલે કંટ્રોલરૂમમાંથી ફોન જતા ડભોડા પોલીસે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પોલીસના હાથે ચાર જુગારીઓ આવી ગયા હતા .